ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# માસ્ક ના પહેરનારને કોવિડ સેન્ટરમાં કામ કરવું પડશે

**માસ્ક ન પહેરનાર લોકો વિરુદ્ધ ગુજરાત હાઇકોર્ટ લાલઘૂમ : સરકારને જાહેરનામું બહાર પાડી કોવિડ સેન્ટરમાં ૫થી ૬ કલાક સુધી કોમ્યુનિટી સેવા આપવા આદેશ કર્યો, આગામી સુનાવણી ૨૪ ડિસેમ્બરે**



ગાંધીનગર,તા.૨

કોરોના મહામારીને ગંભીરતાથી ન લેનાર અને એકથી વધુ વાર માસ્ક ન પહેરતા ઝડપનાર લોકોને કોવિડ સેન્ટરમાં નોન મેડિકલ ફેસિલિટી સેવા માટે મોકલવાનો ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને માસ્ક ન પહેરનાર, સોશ્યલ ડિસ્ટન્સ અને અન્ય નિયમનોનું પાલન કરનાર લોકો માટે કોવિડ કેર સેન્ટરમાં નોન મેડિકલ સેવા માટે મોકલવાનો પરિપત્ર બહાર પાડવાનો હુકમ કર્યો છે. રાજ્ય સરકાર આગામી સુનાવણી, એટલે કે ૨૪ ડિસેમ્બરે ઉપરોકત સૂચનોના અમલનો સ્ટેટ્સ રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરે.

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને માસ્ક ન પહેરનાર લોકોને ૫ થી ૧૫ દિવસ સુધી લોકલ કોવિડ સેન્ટરમાં ૪ થી ૬ કલાક સુધી સેવા કરવાની નિર્દેશ કર્યો છે. આ મામલે વધુ સુનાવણી ૪ ડિસેમ્બર રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જવાબ રજૂ કરતા રાજ્ય સરકારે જણાવ્યું હતું કે માસ્ક ન પહેરનાર વ્યક્તિને કોવિડ કેર સેન્ટરનો ચલણ આપ્યા બાદ તેનું અમલીકરણ કઈ રીતે કરવું એ મુદ્દે કોઈ નિણર્ય લઈ શક્યા નથી.

રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે માસ્ક ન પહેરનાર લોકોને ઝડપી કોવિડ કેર સેન્ટરનો ચલણ આપી શકાય પરંતુ એ વ્યક્તિ કોવિડ સેન્ટરમાં ગયો છે કે કેમ અને ક્યાં ક્યાં હોસ્પિટલમાં કે સેન્ટરમાં તેમને મોકલવા અને અમલવારી અંગે રાજ્ય સરકાર કોઈ નિર્ણય લઈ શકી નથી. માસ્ક ન પહેરનાર લોકોને કોવિડ કેર સેન્ટર મોકલવાના અમલીકરણ માટે વધારાના સ્ટાફની પણ જરૂર પડશે, જ્યારે વર્તમાન સમયમાં મોટાભાગના કર્મચારીઓ જુદી જુદી સેવામાં જોડાયેલા છે. અમે કડક પગલાં લઈ રહ્યાં છે આગામી સોમવાર સુધી સ્થિતિ સુધરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

કોવિડની સ્થિતિમાં ખાસ કરીને પાછલા ત્રણ દિવસમાં સુધાર જોવા મળ્યો છે. પાછલા ત્રણ દિવસમાં ૧૦૮ – ૧૦૪ને કોલ્સ, માસ્ક ન પહેરનાર લોકોની સંખ્યા અને ઓક્સિજનની માસ્કમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. કોરોનાને લગતા નિયમોનું પાલન થાય અને લોકો માસ્ક પહેરે તેના માટે શહેરના દર ચાર રસ્તા પર પોલીસ તૈનાત કરવામાં આવી છે.

રાજ્ય સરકારના જવાબ બાદ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથે જણાવાયું હતું કે આ સમય ખૂબ જ મહત્વનો છે. એક સપ્તાહ પછી પરિસ્થિતિ સુધારી કે વણસી પણ શકે છે. જસ્ટિસ જે.બી. પારડીવાલાએ તાવનો ઉદાહરણ આપતા કહ્યું કે વ્યક્તિને ૧૦૪નો તાવ આવ્યો હોય અને હવે ઘટીને ૧૦૨ થઈ ગયો હોય ત્યારે જો વધુ કડક નિયમો બનાવવામાં આવે તો સ્થિતિમાં સુધાર થઈ શકે છે. અરજદાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે કોરોનાના આંકડા વધારે કમ થતા રહે છે.

# જિલ્લામાં તંત્ર ૫૪ તો સરકાર ૬૨ કેસ કહે છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૫૪ કેસ મળી આવેલ છે. જો કે રાજ્ય સરકારે ૬૨ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાંથી ૩૮ કેસ મળ્યાનું સરકારે જણાવ્યુ છે લઈ તંત્રની ચિંતા વધી છે. શહેર-ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધ્યુ છે. હોમ આઈસોલેશનની ગાઈડલાઈનનું ગ્રામ્ય વિસ્તારમાં લઈ તંત્રને ચિંતા વધી છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ વધ્યુ હોવાનું તંત્રના સૂત્રો આડકતરી રીતે એકરાર કરી રહ્યા છે.

જિલ્લામાં આ પખવાડિયામાં ત્રીજીવાર જિલ્લામાં નોંધાયેલા દર્દીઓ કરતાં રિકવર થઈ અને

**સે. ૫ માં ૪,સે. ૨૨ માં ૩ સહિત ૨૪ કેસ શહેરમાં નોંધાયા : ગાંધીનગરમાં ૧૧, દહેગામમાં ૧૦, માણસામાં ૨, કલોલમાં ૭ કેસ નોંધાયા, સરકારે કહ્યુ છે સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં ૧ દર્દીનું મોત થયુ**

જ્યારે તંત્રએ ૩૦ કેસ મળ્યાનું જણાવ્યુ છે. ગાંધીનગર શહેરમાંથી ૨૩ કેસ મળી આવ્યા છે.

સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના વધુ એક દર્દીનું મોત થયાનું સરકારે જણાવ્યુ છે જો કે જિલ્લાતંત્રએ મૃત્યુને લઈ મૌન સેવ્યુ છે.

જિલ્લામાં મોટીવયના દર્દીઓ અને મહિલા દર્દીઓ જે રીતે સંક્રમિતોની યાદીમાં છે તેને અમલીકરણમાં રહેલા છીંડાઓને પગલે તંત્રએ હવે ગ્રામ્ય વિસ્તારના દર્દીઓની તપાસ કરી રિપોર્ટ કરવાની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૫૪ કેસમાં ૨૨ મહિલા દર્દીઓ છે. શહેર-જિલ્લામાં ૧૧-૧૧ મહિલાઓ સંક્રમિત થઈ છે. શહેરમાં અને જિલ્લામાં કેસોની સંખ્યામાં થઈ રહેલા ચડાવ-ઉતારને ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે.

જિલ્લામાં આજે ૩૦ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૧૧, દહેગામમાં ૧૦, માણસામાં ૨, કલોલમાં ૭ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના કોલવડામાંથી આજે બે કેસ તો કુડાસણમાંથી પણ બે કેસ મળી આવેલ છે. આ ઉપરાંત ડભોડા, જાખોરા, સાદરા, છાલા, ગિયોડ, કોબા અને પેથાપુરમાંથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી આજે ૧૦ કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન વિસ્તારમાંથી ૩ ઉપરાંત વાસણા રાઠોડ, હાથીજણ, ઉદણ, ખાનપુર અને રખિયાલમાંથી કેસો મળી આવ્યા છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ નાંદોલ ગામેથી આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે બે કેસ મળ્યા છે. અર્બન વિસ્તારમાંથી એક અને દેલવાડ ગામેથી એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કોરોના વિસ્તરતો જોવા મળી રહ્યો છે. તાલુકામાં આજે વધુ ૭ કેસ મળી આવેલ છે. જેમાં બોરીસણા ગામેથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત રામનગર, સઈજ અને

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૧૩ કોરોનાગ્રસ્ત મૃતકોના અંતિમ સંસ્કાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સીવીલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાંથી મૃત્યુ પામેલ કોરોનાના દર્દીઓના અંતિમ સંસ્કાર આજે રૂદ્રભૂમિ અને મક્તિધામ ખાતે કરાયા હતા. બંને અંતિમધામોની યાદી મુજબ રૂદ્રભૂમિમાં ૭ અને મુક્તિધામમાં ૬ કોરોનાગ્રસ્ત મૃતકોના અંતિમસંસ્કાર થયા હતા. આમ દિવાળી બાદ કુલ ૧૮૨ કોરોનાગ્રસ્ત મૃતકોના અંતિમસંસ્કાર ગાંધીનગરની ધરતી પર થયા હતા.

# ગાંધીનગરમાં સિવિલમાં ત્રણ આસી.સુપ્રિટેન્ડન્ટની નિમણુંક

**ડો.દિનકર ગોસ્વામી, ડો.જયદિપ ગઢવી અને ડો. હિમાંશુ જોશીને જવાબદારી સોંપાઇ**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી હોસ્પિટલનો વહીવટ કથળી રહ્યો હતો ત્યારે સિવિલની વહીવટી પ્રક્રિયાને સુદૃઢ બનાવવા માટે તંત્ર દ્વારા ત્રણ આસીસન્ટન્ટ સિવિલ સુપ્રિટેન્ડન્ટની નિમણુંક કરવામાં આવી છે. જેમાં ડો.દિનકર ગોસ્વામી, ડો.જયદિપ ગઢવી અને ડો.હિમાંશુ જોશીનો સમાવેશ થાય છે.

દિવાળીના દિવસો બાદ કોરોનાના દર્દીઓમાં અચાનક ઉછાળો આવ્યો છે. ત્યારે સિવિલમાં રહેલી સમસ્યાઓ પણ ઉડીને આંખે વળગે તેવી છે. તાજેતરમાં હોસ્પિટલમાં ઓકિસજનના પુરવઠામાં ખામી સર્જાવાને પગલે દર્દીઓના મૃત્યું નિપજ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. જયારે હોસ્પિટલથી ચાર કોરોના પોઝીટીવ મૃતદેહને સ્મસાન લઈ જવાતો ફોટો વાયરલ થયો હતો. ત્યારે સિવિલમાં વહીવટ ખાડે ગયો હોય તેમ લાગી રહ્યું છે. સામાન્ય દિવસોમાં પણ ૬ થી વધુ કોરોના પોઝીટી દર્દીઓનો મૃત્યુ નિપજે છે. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો ખાડે ગયેલો વહીવટ સુધરે અને આરોગ્યલક્ષી સેવાઓ વધુ ઉપયોગી બને તે માટે ગાંધીનગર સિવિલમાં ત્રણ આસી.સુપ્રિટેન્ડન્ટને મુકવામાં આવ્યા છે. જયારે ૩૦૦ બેડની કોવીડ હોસ્પિટલમાં ૧૦૦ બેડનો વધારો કરાયો છે. તે ઉપરાંત અન્ય ૨૦૦ બેડ પણ જરૂરીયાત ઉભી થતા તૈયાર કરાશે. જયારે હાલના સમયે કોવીડ સમસ્યાનું ઝડપી નિરાકરણ લાવવામાં આવશે. ગાંધીનગર સિવિલમાં ઓકિસજનની સમસ્યા દુર કરવા માટે નવી ટેન્ક પણ ટુંક સમયમાં કાર્યરત બનતા ઓકિસજનની સમસ્યા દુર થઈ જશે. હોસ્પિટલમાં આરોગ્યને લગતી માળખાગત સુવિધા વધુ સુદૃઢ બનાવાશે. રાજયની દરેક મેડીકલ સંચાલિત હોસ્પિટલમાં આસી.સુપ્રિટેન્ડન્ટ પણ મુકવામાં આવશે. જયારે આઈસીયુ વોર્ડ માટે પણ અલગથી ઈન્ચાર્જ મુકવામાં આવશે. જયારે ગાંધીનગરમાં મેડીકલ કોલેજમાં આસી.ડીન તરીકે પણ નિમણુંક આપવામાં આવશે.

# ગ માર્ગ પર વૃક્ષોના ટ્રીમીંગ : આંતરિક વિસ્તારમાં પણ લટકતી ડાળીઓ દુર કરાશે

**સેકટરોના આંતરિક માર્ગો સહીત મુખ્યમાર્ગો પર તબક્કાવાર ટ્રીમીંગનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨

શહેરના ગ માર્ગ પર ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વરસાદી દિવસાના અંતે શહેરના વિવિધ માર્ગો પર તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા ટ્રીમીંગનુ અભિયાન હાથ ધરાયુ છે. હાલ શહેરના ગ માર્ગ પર ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારબાદ સેકટરના આંતરિક વિસ્તારમાં પણ ટ્રીમીંગ કરાશે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે ટ્રીમીંગની કામગીરીના અભાવે નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર વૃક્ષોની ડાળીઓ લટકતી જોવા મળી રહી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ બની છે. જયારે નગરની ફુટપાથ આસપાસ પણ તોતિંગ વૃક્ષોની નમી પડેલી ડાળીઓના લીધે વોકીંગ કરનારાઓ પરેશાન છે. શહેરના ગ-૨ થી ઘ-૨ માર્ગ પર વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બની છે. જયારે આ સ્થિતિને અનુલક્ષી વનતંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આજે સવારથી નગરના ગ માર્ગ પર તોતિંગ વૃક્ષોની ડાળીઓની કટોતી કરવામાં આવી હતી. ગ માર્ગને સિકસલેન કરવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આમ પણ આ માર્ગ પર નડતરરૂપ વૃક્ષો કાપવાના છે. ત્યારે હાલ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. કેટલાક ઠેકાણે નમી પડેલા ભયજનક વૃક્ષોનુ પણ અસ્તિત્વ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## લોકડાઉન પછી જિલ્લાનું ઉદ્યોગ જગત હજુ ધમધમતુ થયુ નથી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં લોકડાઉન પછી ઉદ્યોગ-જગત જે ધમધમતુ થવુ જોઈએ તે નહિ થયાનો આડકતરો એકરાર આજે એપ્રેન્ટીસ એક્ટની અમલવારી અંગે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ખાસ કરીને ગાંધીનગર શહેરમાં આવેલ ઈલેક્ટ્રોનિકલ વસાહત મંદીમાં ફસાયેલી છે અને મોટાભાગના ઉદ્યોગો બંધ હાલતમાં છે.

એપ્રેન્ટીસ એક્ટની અમલવારી માટે જિલ્લામાં ૧૭૦ જેટલા એકમોને તંત્રએ નોટીસ પણ આપી હોવાનું આ બેઠકમાં જણાવાયુ હતુ. જિલ્લામાં ૨૨૦ ઔદ્યોગિક એકમો એવા છે જ્યાં ૩૦ કરતાં પણ મેનપાવર ઓછો છે.

જિલ્લામાં ૧૪ જેટલા સરકારી એકમો અને ૨૪ જેટલા પબ્લીક સેક્ટરના એકમો એપ્રેન્ટીસોની ભરતી નહિ કરતા હોવાનું તપાસ દરમ્યાન જણાઈ આવેલ છે. લોકડાઉન દરમ્યાન જે શ્રમિકો વતન ગયા છે તે હજુ પરત ફર્યા નથી તેમજ કોવિડ-૧૯ના સંક્રમણને કારણે નવી ભરતી પણ કરવામાં નહિ આવી હોવાનું ચિત્ર રજુ કરવામાં આવ્યુ છે. જિલ્લામાં એક હજારથી વધુ એપ્રીન્ટીસો હાલ વિવિધ એકમોમાં ફરજો બજાવી રહ્યા છે. લોકડાઉનની અસરોમાંથી જિલ્લાનું ઉદ્યોગ-જગત બહાર હજુ આવી શક્યુ નથી. જોકે આઈ.ટી.આઈ.ની છેલ્લા વર્ષની પરીક્ષા પણ હજુ બાકી હોવાથી નવા એપ્રીન્ટીસોની ભરતી અટવાઈ પડી હોવાનું ચિત્ર આ બેઠકમાં ઉપસી આવ્યુ હતુ.

જિલ્લામાં ઔદ્યોગિક એકમો પુનઃ ધમધમતા થાય તે માટે સ્કિલ ડેવલપમેન્ટ પર પણ ભાર મુકવામાં આવ્યો છે. આજે સ્કિલ ડેવલમેન્ટને લઈ કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં ગંભીર ચર્ચાઓ થઈ હતી અને આ અંગેનો રોડ-મેપ તૈયાર કરવાની સૂચના પણ તંત્રના અધિકારીઓને આપવામાં આવી છે.

# ફુડકોર્ટને અનુલક્ષી નવી ગટર અને પાણીની લાઈન નાંખવામાં આવશે

**વેસ્ટફુડના લીધે લાઇન વારંવાર ચોકઅપ થતા જુની લાઇન બદલી ૩૦૦ ડાયામીટરની નવી લાઇન નાંખવામાં આવશે**

ગાંધીનગર તા ૨

શહેરમાં ઘ -૫ ફુડકોર્ટ નિર્માણના વર્ષો બાદ પણ હજુ ફુડકોર્ટ સંપુર્ણ રીતે લોકઉપયાગી થઇ શકી નથી ફુડકોર્ટના સ્ટોલ્સ પણ હજુ હરાજીના અંતે ફાળવવાની પ્રક્રીયા પુર્ણ થઇ નથી. જયારે ફુડકોર્ટના વિસ્તારમાં પાણી ગટર લાઇન પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ફુડકોર્ટનો વેસ્ટફુડ પણ ગટર લાઇનમાં જતો હોવાથી વારંવાર લાઇન ચોક અપ થઇ જતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા મોટા ડાયામીટરની નવી લાઇન નાંખવાનુ કામ ટુંકમાં શરૂ કરાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટની દુકાનોને ભાડા પેટે ફાળવવા માટે થોડા સમય અગાઉ જ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે બાકી રહેતી દુકાનો વર્ષોથી બંધ હાલતમાં છે તે સ્ટોલ્સ પણ હરાજીના માધ્યમથી ફાળવવા માટે પ્રક્રીયા હાથ ધરાઇ હતી. આ ઉપરાંત વર્ષોથી બિન ઉપયોગી ફુડ કાર્ટના સ્ટોલ્સ પણ ખંડેર બન્યા હતા જેથી દુકાનો ભાડેથી ફાળવવા પુર્વે તંત્ર દ્વારા આ સ્ટોલ્સનુ રીનોવેશન હાથ ધરાયુ હતુ જેમાં અંદાજિત ૫૭ જેટલા સ્ટોલ્સનુ રીનોવેશન કરવામાં આવ્યુ હતુ. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ફુડકોર્ટના આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની ફરિયાદો પણ વિશેષ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં વેપારીઓ દ્વારા નવી લાઇન નાંખવા માટે પણ માંગણી ઉઠવા પામી હતી.

ત્યારે તંત્ર દ્વારા આ ફુડકોર્ટને અનુલક્ષી નવી ગટર અને પાણીની લાઇન નાંખવા માટે આયોજન કરી દેવાયુ છે. ફુડકોર્ટમાં ફુડવેસ્ટ ગટરલાઇનમાં જતા લાઇન ચોક અપ થઇ જવાના લીધે ગટર લાઇનની સમસ્યા પેચીદી બની છે. જયારે ગટર લાઇનની સફાઇ દરમિયાન ફુડવેસ્ટની સાથે ચમચી સહીતના વાસણો પણ બહાર નિકળતા તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે. જો કે આ સમસ્યાને ડામવા તંત્ર દ્વારા મોટાડાયામીટરની નવી લાઇન નાંખવાનુ આયોજન કરાયુ છે. આ દરમિયાન ફુડકોર્ટમાં ગટર લાઇનની સમસ્યાને ડામવા માટે ૩૦૦ ડાયામીટરની લાઇન નાંખવામાં આવશે. જેથી ગટરો ઉભરાવાની સમસ્યાને ડામી શકાય આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૬ લાખનો ખર્ચ થશે. આ અન્વયે ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ શરૂ કરાશે.


હાર્દિક અભિનંદન



શ્રી ગૌરાંગભાઈ વ્યાસ
ઉપપ્રમુખ, ગાંધીનગર મહાનગર ભાજપ
આપની ગાંધીનગર મહાનગર ભાજપના ઉપપ્રમુખ પદે થયેલ નિમણુંકને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ...
આપની કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભકામના પાઠવીએ છીએ...
મુંજાલ રાવલ
અગ્રણી, બ્રહ્મસમાજ, ગાંધીનગર


## જાહેર હરાજી

**વાઘપુર પ્રાથમિક શાળા, તા. પ્રાંતિજ, જિલ્લો : સાબરકાંઠા**

વાઘપુર પ્રાથમિક શાળામાં સિન્ટેક્ષ રૂમ-૨ અને ધાબાવાળા રૂમ-૮ કુલ-૧૦ રૂમ નોનયુઝ કરેલ છે. જે ઓરડાઓના કાટમાળની હરાજી તા. ૧૭/૧૨/૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે નિયત કરેલ છે. તેની અપસેટ કિંત રૂ. ૬૮૧૦૦/- નિયત કરેલ હોઈ રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **અંજનાબા હિતેન્દ્રસિંહ જાડેજા** | **વિરાટ મદનસિંહ ઝાલા** |
| અધ્યક્ષ | મુખ્ય શિક્ષક |
| શાળા વ્યવસ્થાપન કમિટી | વાઘપુર પ્રાથમિક શાળા |
| વાઘપુર પ્રાથમિક શાળા | તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા |
| તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા | |


૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
કપચી-ગ્રીટ મેટલ



વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત
BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ
હંમેશા એક કદમ આગે
Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
UltraTech CEMENT
The Engineer's Choice
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com